# 29

## અમદાવાદ શહેરની શાળાઓની ફી મંજૂરી બાબત

***15/4/2355 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે અમદાવાદ શહેરની કેટલી શાળાઓની ફી મંજૂર કરવાની બાકી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે અમદાવાદ શહેરની ૧૦ (દસ) શાળાઓની ફી મંજૂર કરવાની બાકી છે. |
| (૨) ઉક્ત ફી મંજૂર કરવાની બાકી રહેવાના કારણો શાં છે, અને | (૨) અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ અંતર્ગત ફી નિર્ધારણ માટે શાળાઓની સંખ્યા વધુ હોવાથી તેમજ રૂબરૂ સુનાવણીની માંગ શાળાઓ તરફથી વધારે આવતી હોવાથી સુનાવણી અને આખરી આદેશોની પ્રક્રિયા સમય માંગી લે છે. ઉપરાંત શાળાઓ દ્વારા દરખાસ્તોમાં અધુરી વિગતો / આધારો પૂરતા રજૂ થયેલ ન હોય, તેવા કિસ્સાઓમાં આધારો મંગાવવાની પ્રક્રિયા પણ થતી હોય છે. આમ સુનાવણીની પ્રક્રિયા સમય માંગી લેતી હોય છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી શાળાઓની ફી ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે? | (૩) ફી નિયમન સમિતિ દ્વારા ફી મંજૂર કરવાની બાકી શાળાઓની ફાઈલોને પ્રાથમિકતા આપી આ કામ બનતી ત્વરાએ નિયમાનુસાર કરવામાં આવશે. |

---------------------------